## ન્યાયાલયે શૈક્ષણિક ચૂકાદામાં શૈક્ષણિક અસરોને મહત્વ આપવું જોઈએ ?

વ્યક્તિ અને સમાજના સુસંવાદી અને સાર્વત્રિક વિકાસ માટે આરાગ્ય. શિક્ષણ અને સંરક્ષણને પ્રાથમિકતાભર્યું મહત્વ આપી સહેજ પણ બાંધછોડ કરવી ન જોઈએ. આ બાબતને સૌ જાણે છે અને માને પણ છે. આમછતાં તે પ્રત્યે ઘણીવાર વ્યક્તિ, સમાજ અને સરકાર દ્વારા આંખઆડા કાન કરવામાં આવે છે. જેનું પરિણામ પણ વ્યક્તિ, સમાજ અને સરકારે ભોગવવું જ પડે છે. પણ આજે વાત કરવી છે, આપણા  ન્યાયાલય દ્વારા અપાતા કેટલાક ચૂકાદાના સંદર્ભે. એ વાત કરતા પહેલા સ્પષ્ટતા કરી લઈએ કે, આજે સૌ ભારતીયને જેટલો ન્યાયાલય પર વિશ્વાસ છે, તેટલો કદાચ તેના કુટુંબ પર પણ નથી. સાથે જ આપણું ન્યાયાલય કેટલીક મર્યાદાઓ વચ્ચે પણ જે રીતે ન્યાય આપે છે તે માટે ગૌરવ પણ છે. આપણું ન્યાયાલય એટલે કે જાણે ભગવાન. એ જે કરે તે સારું જ કરે અને સારા માટે જ કરે, તેવું દિલ અને મનથી માનવામાં આવે છે. જે માન્યતા આ લેખક પણ ધરાવે છે. આમછતાં ક્યારેક અપાતા કોઈ નિર્ણયથી દુ:ખ પણ થાય છે. આ દુ:ખ થવા પાછળનું કારણ ન્યાયાલયે આપેલ નિર્ણય ખોટો કે ભૂલ ભરેલો છે, એવું કહેવાનું તાત્પર્ય નથી. કદાચ આ લેખકની વિચારસરણી ખોટી હોઈ શકે.

હમણાજ થોડા સમય પહેલાં આપણી  હાઇકોર્ટ દ્વારા વચગાળાનો એક હુકમ કરવામાં આવ્યો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવવર્સિટી સંલગ્ન એક બી.એડ. કોલેજને વર્ષ ૨૦૧૯-૨૦ માટે વિદ્યાર્થી પ્રવેશ આપવો એવો કોર્ટનો નિર્ણય છે, જેને પ્રેમથી વધાવવો તે સૌ નાગરિક અને સંસ્થા કે સરકારની ફરજ છે. જેના અનુસંધાનમાં યુનિવવર્સિટીએ જાહેરાત આપી અને પ્રવેશ માટેની કામગીરી શરુ કરી. અહી કોર્ટે જે હુકમ કર્યો તે ખૂબ જ વિચારીને, તટસ્થભાવે જ આપ્યો હોય. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પણ આ હુકમનું પાલન કરવાથી શૈક્ષણિક નકારાત્મક ઘણી અસરો થશે. જેમાં શિક્ષણ અને વિદ્યાર્થી બન્નેનું અહિત થશે. આ બાબતને કેટલું મહત્વ આપવું તે માનનીય ન્યાયાલય, સમાજ અને સરકારે નક્કી કરવાનું છે.

અત્યારે ઓક્ટોબર મહિનો ચાલે છે. ત્યારે હવે પછી વિદ્યાર્થીઓ બી.એડ.માં પ્રવેશ લે છે તો શિક્ષક તરીકે જે તાલીમ આપવી જોઈએ તે તાલીમ કેવી રીતે આપી શકાય? પંદર દિવસ પછી પ્રથમ સત્ર પૂર્ણ થશે. ત્યારે બાકીના દિવસોમાં બંને સત્રનું કામ ગુણવત્તા સાથે પૂર્ણ થશે ? યુનિવવર્સિટીએ શરત મૂકી છે કે, રજાના દિવસોમાં પણ કામ કરીને કાર્ય દિવસ પૂર્ણ કરવાના. તેની સામે કહી શકાય કે અન્ય વિદ્યાર્થીઓને અપાતી રજા ખોટી છે? જો એ રજા યોગ્ય ચોક્કસ કે જે કારણો માટે અપાતી હોય તે બાબત અત્યારે પ્રવેશ લેનારને લાગુ નાં પડે? અત્યારે પ્રવેશ લેનાર વિદ્યાર્થીના હક્કનું અને ગુણવત્તાનું શું ? તેની સામે એવી દલીલ કરવામાં આવે કે, જેને રજા ભોગવવી નાં હોય તેઓ પોતાની ઈચ્છાથી પ્રવેશ મેળવે છે, તો શું વાંધો છે? તો તેની સામે દલીલ થઇ શકે કે, તો અન્ય સંસ્થામાં કે દુકાનો કે ફેકટરીમાં કે ઉદ્યોગગૃહોમાં રજા નાં આપવી તે ગૂનો ગણાય છે. તો ફેકટરીના માલિક એમ કહેશે કે, મજૂરો તેમની ઈચ્છથી કામ કરવા આવે છે. તેમને રજા નથી ભોગવવી તો શું સરકાર સ્વીકારશે? આ વાતને અન્ય રીતે લઈએ તો, હવે પછી પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓનું જો શિક્ષણકાર્ય સારી રીતે થતું હોય તો, અન્ય વિદ્યાર્થીઓને શા માટે આખું વર્ષ બાર મહિના સુધી ભણાવવા જોઈએ.? અત્યારે પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ જો સાત-આઠ મહિનામાં કોર્ષ પૂર્ણ કરી શકતા હોય તો અન્ય વિદ્યાર્થીઓને પણ તે તક આપવી જોઈએ, જેથી તેમના ચાર-પાંચ માસ બગડે નહિ. ઉપરાંત હવે પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને અધ્યાપકો હવે જ ભણાવશે. જેથી તેમને આપવો પડતો પગાર પણ સાત-આઠ મહીનાનનો જ આપવો પડશે. તો અન્ય કોલેજને પણ આવી છૂટ આપવી જોઈએ. જેથી તેમનો ખર્ચ પણ ઘટે.  તેમને પણ બાર માસ સુધી અધ્યાપકોને પગાર ચૂકવવા નાં પડે. અંતે વિદ્યાર્થીઓની ફી ઘટે.

અત્યારે સત્ર પૂર્ણ થવા આવ્યું હોય ત્યારે હકીકતમાં શિક્ષણના ભોગે કોઈ પણ સંસ્થામાં નવા વિદ્યાર્થીઓને પ્રવેશ ના જ આપવો જોઈએ. જો આ રીતે પ્રવેશ આપવામાં આવશે તો શિક્ષણની ગુણવત્તાનું શું ? એમાં પણ અહી તો શિક્ષકો તૈયાર કરવાના છે. તો આવી વ્યવસ્થા આપીને આપણે સમાજને કેવા શિક્ષકો આપવા માંગીએ છીએ? આ રીતે પ્રવેશ માંગવા માટે સંસ્થાનો હેતુ જો સેવાનો હોય, તો એ સંસ્થા હવે છ મહિના સેવા નહિ કરે તો આસમાન તૂટી નથી પડવાનું. આમ નાં કરે એ જ શિક્ષણ અને સમાજની મોટી સેવા છે. અને જો સંસ્થાનો હેતુ આર્થિક હોય, નુકશાન જવાનો હોય તો એ પણ ખોટું જ છે. નફો કરવા માટે અન્ય અનેક ધંધા છે, તે માટે શિક્ષણને સાધન બનાવવું તે કોઈપણ રીતે યોગ્ય નથી. અન્ય વિદ્યાર્થીઓ જે રેગ્યુલર જૂન મહિનાથી પ્રવેશ લઈને અભ્યાસ કરે છે કે તાલીમ લે છે, તેમનો કોર્ષ માંડમાંડ પરાણે પૂરો થાય છે, તો હવે પ્રવેશ લેનાર વિદ્યાર્થીનો કોર્ષ કેવી રીતે પૂર્ણ થશે ? તે વિદ્યાર્થીઓની પરીક્ષા યુનિવવર્સિટી કેવી રીતે અને ક્યારે લેશે ? હા, આ બાબતમાં કોર્ટ એવું કહી શકે કે એ પ્રશ્ન યુનિવવર્સિટીનો છે. હકીકતમાં કોર્ટે યુનિવવર્સિટીને પૂછવું જોઈએ કે આમ કરવાથી શિક્ષણની ગુણવત્તા પર અસર થશે? જો નકારાત્મક અસર થવાની હોય તો એકાદ કોલેજ એકાદ વર્ષ નહિ ચાલે તો આસમાન તૂટી નથી પડવાનું. પણ શિક્ષણનું હિત સચવાશે, નહિ તો યુનિવવર્સિટી તો કોર્ટના આદેશનું પાલન કરશે, પણ ગુણવત્તા નહિ જ સચવાય ?

અત્યારના સમયે પ્રવેશ માંગનાર કોલેજો શિક્ષણકાર્ય કેવી રીતે પૂર્ણ કરશે તેની એફિડેવિટ માંગવી જોઈએ,સાથે દરેક દિવસના કામનું વિડિયો રેકોર્ડીંગ કરીને દર મહીને તપાસવાનું કામ શિક્ષણકારોને કોર્ટે સોંપવું જોઇએ. જો કોર્ટ આવો આદેશ કરશે તો મોડો પ્રવેશ માંગવા કોઈ કોલેજ નહિ આવે. આ બાબતે માનનીય કોર્ટનું એક એ પણ ધ્યાન દોરવાની ઈચ્છા થાય છે કે, આ વર્ષે એન.સી.ટી.ઈ. એ જે કોલેજોની માન્યતા રદ કરી હતી કે પ્રવેશ અટકાવ્યો હતો, તેમાંની કેટલીક કોલેજ કોર્ટના આદેશને કારણે આજે ચાલે છે. હકીકતમાં તેમાંની મોટાભાગની કોલેજ ચાલે છે, પણ વિદ્યાર્થીઓ આવતા નથી, માત્ર પૈસા કમાવાનો ધંધો ચાલે છે. ત્યારે આ  વર્ષે કોર્ટના આદેશને પગલે જેટલી કોલેજો ચાલે છે, તે કેવી રીતે ચાલે છે, તેની તપાસ પણ કોર્ટે કરવી જોઈએ. હા, કોર્ટ એમ કહી શકે કે એ કામ સરકારનું છે, તો કોર્ટ સરકારને આદેશ આપે અને પુરાવા માંગે. કારણ કે, આજે મોટાભાગની બી.એડ.ની સેલ્ફ ફાયનાન્સ કોલજો વિદ્યાર્થી પાસેથી મોટી ફી લે છે, અને વિદ્યાર્થીને કોલેજ નહિ આવવાની છૂટ આપીને, શિક્ષણનું અહિત કરે છે અને પૈસા કમાય છે. આ વાતથી સરકાર સહેજ પણ અજાણ નથી. પણ સરકારની કોઈ મજબૂરી હશે જેથી શિક્ષણના ભોગે આવી સંસ્થાને પૈસા કમાવાની છૂટ આપે છે.

કોર્ટના આદેશને પગલે એક વ્યક્તિ કે એક સંસ્થાને થતા ફાયદાને કારણે હજારો વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડતું હોય તો કોર્ટે શિક્ષણના નિર્ણયો લેતી વખતે ઉભી થનાર શૈક્ષણિક અસરોને પણ ધ્યાનમાં લેવી જોઈએ. જેમકે, ધારો કે, સરકાર દ્વારા શિક્ષકોની ભરતી થવાની હોય. સરકારે પ્રક્રિયા હાથ ધરી હોય, ત્યાં કોઈ ઉમેદવારને લાગે કે પોતાને અન્યાય થાય છે અને કોર્ટમાં જઈને સ્ટે લઇ આવે છે. આવા સમયે બને છે એવું કે, પછી શિક્ષકોની ભરતીની પ્રક્રિયા જ અટકી પડે છે. કોર્ટનો નિર્ણય ૬-૧૨ મહીને આવે ત્યાં સુધી એક પણ શિક્ષકની ભરતી થતી નથી. ત્યારે વિચારવાનું એ થાય કે, શિક્ષકના અભાવે બાળકોનું શિક્ષણ બગડે છે. તે માટે જવાબદાર કોણ? આવા સંજોગોમાં કોર્ટે કોઈ વચ્ચેનો માર્ગ કાઢવો જોઈએ, જેથી શિક્ષકોની ભરતી થાય અને બાળકોનું શિક્ષણ નાં બગડે. અને હા, હવે તો સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય સેલ્ફ ફાયનાન્સ કોલેજોને મંજૂર નાં હોય તો કેટલાક સંચાલકો નફફટ થઈને કહે છે કે, તમારે જે નિર્ણય લેવો હોય તે લો, અમે કોર્ટમાં જઈને સ્ટે લઇ આવીશું. આવા સંચાલકોને જયારે કોર્ટ સ્ટે આપે છે, ત્યારે શિક્ષણનું અહિત કરવાની તેમની શક્તિ બેવડાય છે. અને કોર્ટ જાણે કે તેમનું કહ્યું કરતી હોય તેમ વર્તે છે. આવી ભ્રમણા તેમના મનમાંથી પણ કાઢવાની જરૂર છે. અહી જણાવેલ વાત ન્યાયાલય સામે કોઈ આરોપ કે આક્ષેપ નથી. પણ એક વ્યક્તિ કે સંસ્થાને ન્યાય આપતી વખતે  શૈક્ષણિક રીતે નુકશાન જાય છે તે તરફ ધ્યાન દોરવાનો માત્ર એક સામાજિક નમ્ર પ્રયત્ન છે.